# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation

રેફ
નં.

તા: ૧૨/૦૪/૨૦૧૬
સુરત.

તંત્રી શ્રી. ____________________

જત નીચેની પ્રેસ નોટઆપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(signature)

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

❖ <u>સુરત, ગુજરાત માંથી ઇન્ટરસ્ટેટ પિડિયાટ્રીક્સ હૃદય ટ્રાન્સપ્લાન્ટનો સૌ પ્રથમ બનાવ</u>

❖ <u>સુરત, ગુજરાતના રત્નકલાકાર અરજણભાઈ લુખીના બ્રેનડેડ ૨૨ વર્ષીય પુત્ર કલ્પેશનું હૃદય</u>
<u>લાતુર, મહારાષ્ટ્રના ખેડૂત પુત્ર ૧૬ વર્ષીય રાહુલ કરાડમાં ધબકતું થયું.</u>

❖ <u>બ્રેનડેડ કલ્પેશ લુખીના અંગદાન દ્વારા લુખી પરિવારે</u>
<u>ચાર વ્યક્તિઓને નવું જીવન અને બે વ્યક્તિઓને નવી રોશની આપી માનવતાની મહેક પ્રસારી</u>
<u>સમાજને ઉમદા ઉદાહરણ પુરૂ પાડી નવી દિશા બતાવી.</u>

નામ: કલ્પેશ અરજણભાઈ લુખી ઉ. વ.૨૨ બ્લડ ગ્રુપ:A- (પ્રીન્સેસ પ્લાઝામાં આવેલ હિરાની ઓફીસમાં જોબ કરતા હતા.)

રહેવાસી: ૧૯૯, મહાવીર સોસાયટી, શ્યામધામ, વરાછા, સુરત.

મૂળ રહેવાસી: ગામ: જીથરી (અમરગઢ), તાલુકો: સીહોર, જીલ્લો: ભાવનગર.

કૌટુંબિક વિગત : પિતા: અરજણભાઈ બેચરભાઈ લુખી ઉ. વ.૫૮ (વ્યવસાય: રત્નકલાકાર)

માતા : હંસાબેન અરજણભાઈ લુખી ઉ.વ ૫૦

ભાઈ : તુષાર અરજણભાઈ લુખી ઉ.વ૨૪ (બોમ્બે માર્કેટમાં આવેલ ડીનાઈન રેડીમેન્ટ ગારમેન્ટ ની દુકાનમા જોબ કરે છે.)

<u>બનાવની વિગત:</u>

શુક્રવાર તા. ૮એપ્રીલ, ૨૦૧૬ના રોજ રાત્રે ૧૨:૩૦ કલાકે કલ્પેશ અને તેમના મીત્ર સાથે ફિલ્મ જોઇને બાઈક પર સ્ટેશન થી તેમના ઘરે જતી વખતે વરાછા પોલીસ સ્ટેશન સામે કુતરાઓ બાઈક પાછળ દોડતા તેમના મિત્રએ બાઈકનું બેલેન્સ ગુમાવતા કલ્પેશ બાઈક પરથી નીચે પડી જતા તેને માથામાં ગંભીર ઇજા થઇ હતી. અને તે બેભાન થઇ ગયા હતા. તેમના મિત્રએ તેને તાત્કાલીક પી. પી. સવાણી હોસ્પીટલમાં દાખલ કર્યો. ત્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે તેને રાત્રે ૦૩:૦૦ કલાકે સ્મીમેર હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો. પરંતુ માથામાં ગંભીર ઇજાઓ થઇ હોવાના કારણે તેને મહાવીર ટ્રોમાં હોસ્પીટલમાં

૨...

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation




ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રાની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યો. માથાના ભાગમાં ગંભીર ઇજા થઇ હોવાથી સી. ટી. સ્કેન કરાવતા તેના મગજમાં લોહીની ગાંઠ હોવાનું નિદાન થયું. શનિવાર તા ૦૯ એપ્રિલ, ૨૦૧૬ના રોજ ફરી એક વાર સી. ટી. સ્કેન કરાવતા બ્રેન હેમરેજ હોવાનું નિદાન થયું.

સોમવાર તા. ૧૧ એપ્રીલ, ૨૦૧૬ના રોજ ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા, ન્યુરોફીઝીશ્યન ડૉ. અનીરૂધ્ધ આપ્ટે અને ઇન્ટેન્સીવીસ્ટ ડૉ. આલોક શાહે કલ્પેશને બ્રેઇનડેડ જાહેર કર્યો.

મહાવીર ટ્રોમાં હોસ્પીટલના શીલા થોમસ અને ઇન્ટેન્સીવીસ્ટ ડૉ. આલોક શાહે ડોનેટ લાઇફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી કલ્પેશના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાએ ટેલીફોનીક વાતચીતમાં કલ્પેશના પિતા અરજણભાઈ, કાકા દામજીભાઈ, દાદા ગોવિંદભાઈ, અરજણભાઈના કાકા કાશાભાઈ તેમજ લુખી પરિવારના અન્ય સભ્યોને અંગદાનની પ્રવૃતિની જાણકારી આપી અંગદાનનું મહત્વ સમજાવ્યું.

કલ્પેશના પિતા અરજણભાઈએ જણાવ્યું કે મારો દીકરો બ્રેનડેડ થઈ ચુકયો છે અને શરીર બળીને રાખ થઇ જવાનુ છે, તેના કરતા તેના અંગોનું દાન કરીને કિડની, લીવર અને હદય ફેલ્યોરના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

આમ પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કૉ.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યુ જ્યારે મુંબઇ ની ફોર્ટીસ હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. અનવય મુલે, ડૉ. સંદીપ સિંહ અને ચેતન સુરાનો નો સંપર્ક કરી હદય નું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. સુરેશ કુમાર અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનુ દાન સ્વીકાર્યું, મુંબઈની ફોર્ટીસ હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. અનવય મુલે અને તેમની ટીમે આવી હદયનું દાન સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલા હદયનું ટ્રાન્સપ્લાન્ટ લાતુર, મહારાષ્ટ્રના ધો. ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થી રાહુલ કરાડ ઉં. વ. ૧૬માં ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. અનવય મુલે, પિડિયાટ્રીક્સ કાર્ડિયાક સર્જન ડૉ. વિજય અગ્રવાલ અને તેમની ટીમ દ્વારા મુંબઈ મુલુન્ડમાં આવેલ ફોર્ટીસ હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યું છે.

જ્યારે દાનમાં મેળવવામાં આવેલી બે કિડની પૈકી એક કિડની અબ્રામા, વલસાડના યોગેશભાઈ ભગવાનભાઈ દેસાઈ ઉં.વ. ૫૮,માં અને બીજી કિડની વડોદરાની હર્ષિ નૈનેશ પટેલ ઉં. વ. ૧૬માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર સુરતના પ્રતિક્ષાબેન હરેશભાઈ પટેલ ઉં.વ.૪૯માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ બન્ને કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ. જમાલ રીઝવી, ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

હદય સુરત થી એરએમ્બ્યુલન્સના મારફતે મુંબઈ મોકલવા માટે ગ્રીન કોરિડોરની વ્યવસ્થા સુરત શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટિયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી એ જ રીતે સુરત એરપોર્ટ પરથી નાઈટ ટેકઓફની વ્યવસ્થા એરપોર્ટ ડિરેક્ટર પ્રમોદ ઠાકરે દ્વારા કરવામાં આવી હતી.

૩...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં કલ્પેશના પિતા અરજણભાઈ, માતા હંસાબેન, ભાઈ તુષાર, કાકા દામજીભાઈ, દાદા ગોવિંદભાઈ, અરજણભાઈના કાકા કાળાભાઈ તેમજ લુની પરિવારના અન્ય સભ્યો, ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા, ન્યુરોફીઝીશ્યન ડૉ. અનીરૂધ્ધ આપ્ટે, ઇન્ટેન્સીવીસ્ટ ડૉ.આલોક શાહ, ડૉ. વિરેશ રેવડીવાલા, ડૉ. અતુલ અભ્યંકર, મહાવીર ટ્રોમા હોસ્પીટલના મેડીકલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. સિલ્વા, ડૉ. હેતલ, સંચાલકો અને સ્ટાફ તથા ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રીશ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, સુભાષ જોધાણી અને દિશાંત પંચાલનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૪૪ કિડની, ૪૭ લીવર, ૩ પેન્ક્રીઆસ, હૃદય ૩, અને ૧૨૦ ચક્ષુઓનો દાન મેળવીને ૩૧૭ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

કેડેવર ઓર્ગન ડોનેશનની પ્રક્રિયા નો ઘટના ક્રમ

૧. સવારે ૧૦:૩૨ કલાકે મહાવીર ટ્રોમા હોસ્પીટલના શીલા થોમસ અને ઇન્ટેન્સીવીસ્ટ ડૉ. આલોક શાહે ડોનેટ લાઈફ ના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી કલ્પેશના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

૨. સવારે ૧૦:૩૩ કલાકે ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલાએ કલ્પેશના પિતા અરજણભાઈ, કાકા દામજીભાઈ, દાદા ગોવિંદભાઈ, અરજણભાઈના કાકા કાળાભાઈ વગેરે નો ટેલીફોનીક સંપર્ક કરી ઓર્ગન ડોનેશનની પ્રક્રિયા સમજાવી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

૩. સવારે ૧૦:૪૪ કલાકે નીલેશ માંડલેવાલાએ ન્યુરોફીઝીશ્યન ડૉ. અનીરૂધ્ધ આપ્ટેને સંપર્ક કરી કલ્પેશના બ્રેનડેડ અંગે રીકન્ફર્મ કર્યું.

૪. સવારે ૧૦:૪૭ કલાકે અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

૫. સવારે ૧૦:૫૧ કલાકે મુંબઈ ની ફોર્ટીસ હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. અનવય મુલે, ડૉ સંદીપ સિંહ અને ચેતન સુરાની નો સંપર્ક કરી હૃદય નું દાન લેવા આવવા માટે જણાવ્યું

૬. બપોરે ૧૨:૨૭ કલાકે મુંબઈ ની ફોર્ટીસ હોસ્પીટલના ચેતન સુરાનીએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી મુંબઈ ZTCCના કો.ઓર્ડીનેટર રાહુલ નો સંપર્ક કરવા જણાવ્યું.

૭. બપોરે ૧૨:૪૨ કલાકે નીલેશ માંડલેવાલાએ મુંબઈ ZTCCના કો.ઓર્ડીનેટર રાહુલ નો સંપર્ક કરી કલ્પેશના બ્રેનડેડ અંગે માહિતી આપી હાર્ટ ડોનેશન વિશે જણાવ્યું.

૮. બપોરે ૦૧:૨૯ કલાકે નીલેશ માંડલેવાલાએ પોલીસ કમિશનર શ્રી આશીષ ભાટિયા ટેલીફોનીક સંપર્ક કરી ગ્રીન કોરીડોર અંગે ચર્ચા કરી.

૯. બપોરે ૦૧:૩૩ કલાકે જોઈન્ટ પોલીસ કમિશનર શ્રી ખુરસીદ અહેમદ સાથે ટેલીફોન કરી ગ્રીન કોરીડોર અંગે વાત કરી.

૧૦. બપોરે ૦૨:૫૦ કલાકે મુંબઈની ફોર્ટીસ હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. અનવય મુલે અને તેમની ટીમ હૃદયનું દાન સ્વીકારવા મુંબઈ થી સુરત આવવા નીકળ્યા.

૪...

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in

Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



૧૧. બપોરે ૦૩:૦૦ કલાકે દરમ્યાન અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. સુરેશ કુમાર અને તેમની ટીમ બે કિડની અને લીવરનું દાન સ્વીકારવા અમદાવાદ થી સુરત આવવા નીકળ્યા.

૧૨. સાંજે ૦૫:૦૦ કલાકે ડોનેટ લાઈફ ના સેક્રેટરી રાકેશ જૈને એરપોર્ટ ડિરેક્ટર પ્રમોદ ઠાકરે સાથે રાત્રીના એરએમ્બ્યુલન્સના ટેકઓફ અંગેની ચર્ચા કરી

૧૩. સાંજે ૦૭:૨૦ કલાકે અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. સુરેશ કુમાર અને તેમની ટીમ બે કિડની અને લીવરનું દાન સ્વીકારવા અમદાવાદ થી સુરત આવી.

૧૪. ફોર્ટીસ હોસ્પીટલ મુંબઈ તરફથી ડૉ. પી. ડી. વિઠલાણી Additional Director Medical Education and Chairman Authorization Committee, Gandhinagarનો ઇન્ટરસ્ટેટ હાર્ટ ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ મંજૂરીનો ઈમેલ મળ્યો.

૧૫. રાત્રે ૦૮:૪૦ કલાકે મુંબઈ ની ફોર્ટીસ હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. અન્વય મુલે અને તેમની ટીમ હૃદય નું દાન સ્વીકારવા મુંબઈ થી સુરત આવી.

૧૬. રાત્રે ૦૯:૩૭ કલાકે કેડેવર ઓર્ગન ડોનર કલ્પેશ લુનીને ઓપરેશન થીએટરમાં શીફ્ટ કર્યા.

૧૭. રાત્રે ૧૨:૩૮ કલાકે મુંબઈ ની ફોર્ટીસ હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. અન્વય મુલે અને તેમની ટીમ હૃદય નું દાન સ્વીકારી મહાવીર ટ્રોમા હોસ્પીટલ થી સુરત એરપોર્ટ જવા રવાના થયા.

૧૮. રાત્રે ૧૨:૫૦ કલાકે ડૉ. અન્વય મુલે અને તેમની ટીમ સુરત એરપોર્ટ પહોંચ્યા.

૧૯. રાત્રે ૧૨:૫૭ કલાકે સુરત એરપોર્ટ થી એર એમ્બ્યુલન્સમાં ડૉ. અન્વય મુલે અને તેમની ટીમ હૃદય લઇ મુંબઈ જવા રવાના થયાં.

૨૦. મળસ્કે ૦૧:૩૫ કલાકે ડૉ. અન્વય મુલે અને તેમની ટીમ મુંબઈ એરપોર્ટ પહોંચ્યા.

૨૧. મળસ્કે ૦૧:૩૯ કલાકે ડૉ. અન્વય મુલે અને તેમની ટીમ મુંબઈ એરપોર્ટથી મુલુન્ડ ફોર્ટીસ હોસ્પીટલ જવા રવાના થયા.

૨૨. મળસ્કે ૦૧:૫૭ કલાકે ડૉ. અન્વય મુલે અને તેમની ટીમ મુલુન્ડ ફોર્ટીસ હોસ્પીટલના ઓપરેશન થીએટરમાં દાખલ થયા.

૨૩. સવારે ૦૫:૩૦ કલાકે હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ લાતુર, મહારાષ્ટ્રના રહેવાસી રાહુલ કરાડ ઉં. વ. ૧૬માં ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. અન્વય મુલે, પિડિયાટ્રીક્સ કાર્ડિયાક સર્જન ડૉ. વિજય અગ્રવાલ અને તેમની ટીમ દ્વારા ફોર્ટીસ હોસ્પિટલ, મુલુન્ડ ખાતે કરવામાં આવ્યું.

૨૪. સવારે ૭:૦૦ કલાકે ટ્રાન્સપ્લાન્ટ કર્યા પછી પેશન્ટ રાહુલ કરાડને આઈ.સી.યુ મા શીફ્ટ કર્યા.

૭૯ મીનીટમાં ડોક્ટરોની ટીમ હૃદય સુરત મહાવીર ટ્રોમાં હોસ્પીટલથી મુલુન્ડ ફોર્ટીસ હોસ્પીટલના ઓપરેશન થીએટરમાં દાખલ થઇ લાતુર, મહારાષ્ટ્રના ધો. ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ખેડૂત પુત્ર રાહુલ કરાડ ઉં. વ. ૧૬માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યુ છે.

સુરત ગુજરાત માંથી ઇન્ટરસ્ટેટ પિડિયાટ્રીક્સ હૃદય ટ્રાન્સપ્લાન્ટનો આ પ્રથમ બનાવ. તથા છેલ્લા પાંચ મહિનામાં ઇન્ટરસ્ટેટ હૃદય ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટનો ત્રીજો બનાવ.


| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961